# 1 ભારતમાં યુરોપિયન પ્રજાનું આગમન

આગળનાં ધોરણમાં આપણે શીખી ગયા કે વર્ષો અગાઉ આપણો દેશ દુનિયામાં અગ્રિમ હરોળમાં હતો. વિશ્વમાં આપણા દેશનું અનોખું મહત્ત્વ હતું. દેશ-પરદેશના લોકો આપણી સમૃદ્ધિ અને સંસ્કૃતિથી પ્રભાવિત થઈ રહ્યા હતા. વિશ્વના ઘણા લોકો આપણા દેશમાં વેપાર કરવા અને ધન કમાવા આતુર હતા.

જોકે આ અગાઉ પણ જમીનમાર્ગે અહીં વિદેશી વેપારીઓ વાયવ્ય સરહદેથી આવતા અને વેપાર કરતા હતા. જમીનમાર્ગે આરબ વેપારીઓ વર્ષોથી વેપાર ખેડતા; પરંતુ પરિસ્થિતિ બદલાઈ ત્યારે જમીનમાર્ગે વેપાર અટકી પડ્યો, જેથી યુરોપિયન દેશોમાં ભારતની ચીજવસ્તુઓ જેવી કે, રેશમ, સુતરાઉ કાપડ, મલમલ, મરી-મસાલા, તેજાના વગેરેની માંગ વધી ગઈ. આ પરિસ્થિતિઓનો લાભ લેવા યુરોપના મોટાભાગના દેશોએ ભારત પહોંચવાના જળમાર્ગો શોધી કાઢવાની યોજનાઓ અમલમાં મૂકી.



1.1 ભારતમાતા




1.2 જળમાર્ગ

**વિચારો**

- યુરોપથી ભારત આવવું હોય તો જમીનમાર્ગે ક્યાં-ક્યાંથી પસાર થવું પડે ?
- પોર્ટુગલથી ભારત આવવું હોય તો દરિયાઈમાર્ગે ક્યાં-ક્યાંથી પસાર થવું પડે ?
- આજે વિદેશ જવું હોય તો કયા માર્ગનો વધુ ઉપયોગ થાય છે ?

સમય જતાં યુરોપના અન્ય દેશોના સાહસિક સાગરખેડુઓએ ભારત આવવાનો જળમાર્ગ શોધી કાઢવા માટેની શરૂઆત કરી.

**ક્રિસ્ટોફર કોલંબસ :**

ભારત આવવાનો જળમાર્ગ શોધવાનું બીડું ઝડપનાર અનેક સાહસિકોમાંનો એક ઇટાલીનો રહેવાસી પ્રસિદ્ધ કોલંબસ હતો. તે માનતો કે પૂર્વમાં જવા માટે પશ્ચિમ બાજુથી પણ જઈ શકાય. આમ શાથી વિચાર્યું હશે તે વિચારો. કોલંબસ ઈ.સ. 1492માં ભારત આવવા નીકળ્યો; પરંતુ તે આકસ્મિક રીતે અમેરિકા જઈ ચડ્યો. અને તે જીવ્યો ત્યાં સુધી તે પોતાને હિન્દુસ્તાનનો શોધક માનતો રહ્યો. આજે પણ અમેરિકાના મૂળવતનીઓને રેડ ઇન્ડિયન અને તેના કિનારાના ટાપુઓને ‘વેસ્ટ ઇન્ડિઝ’ કહેવાય છે.

**વાસ્કો-દ-ગામા :**

ભારત આવવાનો જળમાર્ગ શોધવામાં સફળતા મેળવનાર પોર્ટુગલ દેશનો રહેવાસી વાસ્કો-દ-ગામા હતો. તેનું જહાજ આફ્રિકાની દક્ષિણે કેપ-ઑફ-ગુડ હોપ ફરતું ચક્કર લગાવી આફ્રિકાના પૂર્વ કિનારે મલિન્દી પહોંચીને હિન્દ મહાસાગરમાં આગળ વધતાં મહમદ-ઈબ્ન-મજીદ નામના હિન્દી ખલાસીની મદદથી હિંદ મહાસાગરમાં થઈ 22મી મે, 1498ને દિવસે કાલિકટ બંદરે આવ્યું. એ વખતે કાલિકટનો રાજા ઝામોરિન હતો. તેણે આ પોર્ટુગીઝ લોકોને વેપાર કરવાની છૂટ આપી.



1.3 ઝામોરિનના દરબારમાં વાસ્કો-દ-ગામા

ઈ.સ. 1502માં પોર્ટુગીઝોએ વેપાર કરવા માટે કાલિકટમાં કોઠી સ્થાપી; તેના ફરતે કિલ્લો બાંધી અલ્બુકર્ક નામના એક સેનાપતિને તેનો રક્ષક નીમ્યો. અલ્બુકર્કે ઉત્તર તરફ આગળ વધીને ઈ.સ. 1506માં ગોવા જીતી લીધું. સો વર્ષમાં પોર્ટુગીઝો મેંગ્લોર, કોચીન, લંકા, દીવ, ગોવા અને મુંબઈનો બેટ તેમનાં નિયંત્રણમાં લાવી શકયા.

**પોર્ટુગીઝ સત્તાનો અંત :** સત્તરમી સદીની શરૂઆતમાં પોર્ટુગીઝોનો વેપાર બંગાળ તરફ વધવા લાગ્યો. આ સમયે મુઘલ બાદશાહ શાહજહાં દિલ્લીની ગાદી પર હતો. બંગાળમાં તેના સૂબાએ પોર્ટુગીઝોનાં વર્તન સામે શાહજહાંને ફરિયાદ કરી. પરિણામે શાહજહાંના ફરમાનથી તેની હુગલીની કોઠી તોડી પાડવામાં આવી અને વહાણો સળગાવી નાખ્યાં. આમ, પોર્ટુગીઝ સત્તાનો અંત આવ્યો અને પોર્ટુગીઝોની સત્તા ફક્ત દીવ, દમણ અને ગોવા પૂરતી મર્યાદિત રહી.

## ડચ લોકો :

પોર્ટુગીઝોના આગમન પછીનાં સો વર્ષે લગભગ 16મી સદીના અંતભાગમાં હોલૅન્ડ (હાલનું નેધરલૅન્ડ)ના રહેવાસી ડચ લોકો વેપાર અર્થે આવ્યા. સૌપ્રથમ પુલિકટ અને મદ્રાસ (હાલનું ચેન્નઈ)માં તેમણે કોઠીઓ સ્થાપી. ઈ.સ. 1663માં આગ્રામાં પણ તેમણે કોઠી સ્થાપી. દરમિયાન અંગ્રેજો પણ ભારતમાં આવી પહોંચ્યા. ડચ લોકો અંગ્રેજો સામે સ્પર્ધામાં ટકી શક્યા નહિ.

## ભારત પર અંગ્રેજોની નજર :

ઈ.સ. 1600માં ઇંગ્લૅન્ડની રાણી ઈલિઝાબેથના સમયમાં બ્રિટિશ 'ઈસ્ટ ઇન્ડિયા કંપની'ની સ્થાપના થઈ. હિન્દુસ્તાન સાથે વેપાર કરી ધનવાન થવાની ઈચ્છા રાખનાર વેપારીઓની આ કંપની હતી.

ઈ.સ. 1608માં પહેલું અંગ્રેજ વહાણ હિન્દુસ્તાનનાં સુરત બંદરે પહોંચ્યું. હિન્દુસ્તાનની ધરતી પર પગ મૂકનાર પ્રથમ અંગ્રેજ હોકિન્સ આ વહાણનો કપ્તાન હતો. તે જહાંગીરને મળ્યો; પરંતુ પરવાનગી મળી નહિ. ત્યાર બાદ આવનાર સર-ટોમસ રોએ જહાંગીર પાસેથી સુરતમાં વેપારી કોઠી સ્થાપવાની પરવાનગી લીધી. ત્યાર પછી દિલ્લીની સત્તા શાહજહાં પાસે આવી. શાહજહાંએ અંગ્રેજોને બંગાળમાં વેપાર કરવાની છૂટ આપી.

## ફ્રેંચ લોકો :

ફ્રેંચોએ 'ફ્રેંચ ઈસ્ટ ઇન્ડિયા' નામની કંપની ઈ.સ. 1664માં સ્થાપી હતી. તેમણે સુરત અને પુડુચેરી (પોંડિચેરી)માં કોઠીઓ સ્થાપી. ફ્રેંચોની કંપનીનો વડો દુપ્લે હતો, જેને ભારતમાં યુરોપિયન સત્તા વિસ્તાર કરવાની ઈચ્છા થઈ. આમ, યુરોપિયન પ્રજામાં અંગ્રેજો અને ફ્રેંચો બે બળવાન કંપનીઓ એકબીજાની હરીફાઈ કરતી હતી. આમાં ઘણી તકરારો અને લડાઈઓ થઈ, જેમાં છેવટે અંગ્રેજો સફળ થયા; પરંતુ ફ્રેન્ચો પાસે છેવટે પુડુચેરી, માહે, ચંદ્રનગર વગેરે થાણાં (વેપારી મથકો) રહ્યાં.

## બંગાળમાં અંગ્રેજોનો વેપાર :


ઈ.સ. 1651માં હુગલી નદીને કાંઠે અંગ્રેજોએ પહેલવહેલો વેપાર કરવાની શરૂઆત કરી. પોતાની કોઠીઓ સ્થાપી. આજુબાજુ કિલ્લાઓ બાંધ્યા. પોતાનાં રક્ષણ માટે સૈનિકો રાખ્યા અને મુઘલ બાદશાહ ઔરંગઝેબ પાસેથી વાર્ષિક ખંડણી (રકમ)ના બદલામાં કરવેરા આપ્યા વગર વેપાર કરવાની પરવાનગી મેળવી લીધી.



1.4 અંગ્રેજોનાં વહાણો અને કોઠી

**વિચારો**

શું આજે કોઈ વિદેશના વેપારીઓ ભારતમાં આવો કોઈ વેપાર કરવાની પરવાનગી માંગે છે ?





**1.5 વિવિધ સમયે બ્રિટિશ અને સ્થાનિક શાસન**

હવે કંપની વધુ ને વધુ ધન કમાવાની હોડમાં લાગી ચૂકી હતી. બંગાળમાં કરમુક્ત વેપાર કરવાના ફરમાનમાં ફક્ત કંપનીને જ કરમુક્ત વેપારની છૂટ હતી; પરંતુ કંપનીના અધિકારીઓ વ્યક્તિગત વેપાર કરતા તેમાં પણ કર આપતા નહિ. જેથી બંગાળની કરવેરાની આવક ઘટી ગઈ, જેનો બંગાળના નવાબ મુર્શિદઅલીખાને વિરોધ કર્યો. આ વિવાદ દિનપ્રતિદિન વધતો રહ્યો. અંતે તેના પરિણામે ઈ.સ. 1757માં પ્લાસીનું યુદ્ધ થયું.

### પ્લાસીનું યુદ્ધ :

1756માં સિરાજ-ઉદ્-દૌલા બંગાળનો નવાબ બન્યો. જેની અંગ્રેજો પર ધાક હતી. તેથી અંગ્રેજો તેને પસંદ કરતા ન હતા. સિરાજ બંગાળનો નવાબ ન રહે તે માટે અંગ્રેજોએ કૂટનીતિ કરી અને સિરાજ-ઉદ્-દૌલાના હરીફોને મદદ કરી. સિરાજ-ઉદ્-દૌલાએ કંપનીને હુકમ કર્યો કે કંપની રાજ્યની બાબતમાં દખલ કરવાનું બંધ કરે. અંગ્રેજો તેની કોઠીઓની કિલ્લેબંધી કરવાનું બંધ કરે અને કાયદેસરનો કર ભરી, શરતોનું પાલન કરી, વેપાર કરે. આ બાબતે બંને પક્ષ સમાધાન માટે તૈયાર ન થયા. તેથી નવાબે 30,000 સૈનિકોને સાથે રાખી અંગ્રેજ કોઠી પર હુમલો કર્યો. નવાબની ફોજે અંગ્રેજોને બંદીવાન બનાવી, તેનાં વહાણો ઘેરી લીધાં.



**1.6 સિરાજ-ઉદ્-દૌલા**

અંગ્રેજ સેનાએ રોબર્ટ ક્લાઇવની આગેવાનીમાં વળતો હુમલો કર્યો. રોબર્ટ ક્લાઇવે સિરાજ-ઉદ્-દૌલાના એક સેનાપતિ મીર જાફરને નવાબ બનાવવાની લાલચ આપી મદદ માગી તેને રાજી કરી લીધો. પ્લાસી યુદ્ધમાં ક્લાઇવે સિરાજ-ઉદ્-દૌલાને હરાવી દગાથી ખૂન કર્યું.

ભારતમાં કંપનીની આ પહેલી લડાઈ હતી. જેમાં ભારતમાં અંગ્રેજોની સત્તાની શરૂઆત થવાની હતી. માટે આ લડાઈ ભારતના ઈતિહાસમાં મહત્ત્વની ઘટના ગણાય છે. આ બનાવથી ભારતનો ઈતિહાસ બદલાય છે.

**આટલું જાણો**

**પ્લાસી :** શું આપ જાણો છો કે પ્લાસી નામ કેમ પડ્યું ? ખરેખર મૂળ નામ પલાશી છે. ત્યાંના પલાશ (ખાખરા)નાં વૃક્ષો પરથી નામ પડેલ છે. પલાશનાં ફૂલ લાલ રંગનાં થાય છે. તેનો ગુલાલ અને હોળીના રંગોમાં ઉપયોગ થાય છે.

**વિચારો**

પ્લાસીના યુદ્ધમાં સિરાજ-ઉદ્-દૌલા જીત્યો હોત તો ?

## બકસરની લડાઈ

પ્લાસીના યુદ્ધ પછી, મીરજાફરને બંગાળનો નવાબ બનાવીને કંપનીએ પોતાની ઇચ્છા સંતોષી; પરંતુ કંપનીને એવો માણસ જોઈતો હતો જે તેના ઇશારે કામ કરે; પરંતુ કેટલીક બાબતોમાં મીરજાફરે કંપનીનો વિરોધ કર્યો. તેથી કંપનીએ તેને દૂર કરી, તેની જગ્યાએ મીર કાસીમને નવાબ બનાવી દીધો. નવાબ બન્યા પછી મીરકાસીમ કંપનીને પરેશાન કરવા લાગ્યો, એવું લાગતાં ઈ.સ.1764માં બકસરની લડાઈ દ્વારા તેને હરાવીને મીરજાફરને બીજીવાર બંગાળનો નવાબ બનાવી દીધો. ઈ.સ. 1765માં મીરજાફરનું મૃત્યુ થયું. તે પછી ક્લાઇવ ખુદ બંગાળનો નવાબ બની બેઠો. આમ, બંગાળથી શરૂ થયેલા અંગ્રેજ શાસને પૂરા ભારતને કેવી રીતે ગુલામીની જંજીરમાં જકડી લીધું અને ઈસ્ટ ઇન્ડિયા કંપની એક વેપારી કંપનીમાંથી આગળ વધતાં આખાય ઉપખંડની શક્તિશાળી સત્તા બની ગઈ, તે વિશે વધુ વાત આપણે પછીના પ્રકરણમાં શીખીશું.

**વિચારો**

પ્લાસીનું યુદ્ધ અને સિરાજ-ઉદ્-દૌલાના મૃત્યુ અંગે જૂનાં અખબારોમાં અહેવાલ છપાય તે પૈકી એક છાપું બ્રિટનથી અને એક છાપું પટણાથી પ્રગટ થયું હોય તો તે બંને છાપાની હેડલાઇન શું હશે તે લખો.

## સ્વાધ્યાય

### પ્રશ્ન 1 નીચેના પ્રશ્નોના જવાબ લખો :

1. યુરોપિયન પ્રજાઓને નવા જળમાર્ગો શોધવાની જરૂર શાથી પડી ?
2. ભારતમાં સૌપ્રથમ અને સૌથી છેલ્લે કઈ યુરોપિયન પ્રજાઓ આવી ?
3. પ્લાસીનું યુદ્ધ કોની કોની વચ્ચે લડાયું ? તેનાં શાં પરિણામો આવ્યાં ?
4. બકસરની લડાઈ શાથી થઈ ? તેનું શું પરિણામ આવ્યું ?
5. પોર્ટુગીઝ સત્તાનો અંત કેવી રીતે આવ્યો ?

### પ્રશ્ન 2 ખાલી જગ્યા પૂરો :

(1) ભારત આવવાનો જળમાર્ગ શોધવાનું બીડું ઝડપનાર ઇટાલીનો .......................... હતો.

(2) ...................... ક્લાઇવનું કાવતરું હતું.

■